# SHREE SOMNATH SANSKRIT UNIVERSITY-VERAVAL
# 4 YEAR SYLLABUS STRUCTURE (NEP -2020) DRAFT(w.e.f. 2023-24)
# SUBJECT -SOP

| Sr. | SUB | SOP |
|---|---|---|
| 1 | MAJOR (MJ) | નવી રાષ્ટ્રિય શિક્ષણ નીતિ-૨૦૨૦ના પરિપત્રમાં જણાવ્યા મુજબ મેજર ડિસિપ્લિનરી કોર્ષિસ એટલે કે યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા મુખ્ય વિષયોમાંથી કોઈ એક વિષય મુખ્ય વિષય તરીકે વિદ્યાર્થીએ પસંદ કરવાનો રહેશે. આ મુખ્ય વિષયમાં ત્રણ વર્ષની જે ક્રેડિટ થાય છે તેમની 50% ક્રેડિટ વિદ્યાર્થીએ મેળવવાની રહેશે. આ મુખ્ય વિષયની પેપરની સંખ્યા દરેક સેમેસ્ટરમાં અલગ અલગ હોઈ શકે છે. જે ક્રેડિટ સ્ટ્રક્ચરમાં દર્શાવેલ છે. તે મુજબ વિદ્યાર્થીઓએ મુખ્ય વિષયનાં પેપરનું અધ્યયન કરવાનું રહેશે. |
| 2 | MINOR (MN) | નવી રાષ્ટ્રિય શિક્ષણ નીતિ-૨૦૨૦ના પરિપત્રમાં જણાવ્યા મુજબ માઇનર ડિસિપ્લિનરી કોર્ષિસ એટલે કે યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા ગૌણ વિષયોમાંથી કોઈ એક વિષય તરીકે વિદ્યાર્થીએ પસંદ કરવાનો રહેશે. આ ગૌણ વિષયની પેપરની સંખ્યા દરેક સેમેસ્ટરમાં અલગ અલગ હોઈ શકે છે. જે ક્રેડિટ સ્ટ્રક્ચરમાં દર્શાવેલ છે. તે મુજબ વિદ્યાર્થીઓએ ગૌણ વિષયનાં પેપરનું અધ્યયન કરવાનું રહેશે. |
| 3 | MULTI-DISCIPLINARY COURSE (MDC) | મલ્ટીડિસિપ્લિનરી કોર્ષિસમાં વિદ્યાર્થીએ યુનિવર્સિટી દ્વારા નક્કી કરેલા વિષયોમાંથી કોઈ એક વિષય પસંદ કરવાનો રહેશે. આ પસંદ કરેલા વિષયમાંથી વિદ્યાર્થીએ ત્રણ વર્ષનાં સ્નાતક પ્રોગ્રામ માટે 12 ક્રેડિટ મેળવવાની રહેશે આ મલ્ટીડિસિપ્લિનરી કોર્ષિસનાં વિષયો 1 થી 3 સેમેસ્ટરમાં જ રહેશે. |
| 4 | ABILITY ENCHANCEMENT COURSE (AEC) | નવી રાષ્ટ્રિય શિક્ષણ નીતિ-૨૦૨૦ના પરિપત્રમાં જણાવ્યા મુજબ ક્ષમતા વિકાસ પાઠ્યક્રમમાં (AEC) ભાષા અને સંચાર કૌશલ્યો પર ધ્યાન કેન્દ્રિત કરતી આધુનિક ભારતીય ભાષા અને અંગ્રેજી ભાષામાં ક્ષમતા હાંસલ કરવા વિદ્યાર્થીઓને આવા કોર્સ ઓફર કરવાનાં થાય છે, જેમાં અત્રેની યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા વિવિધ ભાષાનાં વિષયોમાંથી કોઈ એક ભાષાનો વિષય (AEC) તરીકે વિદ્યાર્થીએ પસંદ કરવાનો રહેશે. આ (AEC) વિષયમાં ત્રણ વર્ષનાં સ્નાતક પ્રોગ્રામ માટે 10 ક્રેડિટ વિદ્યાર્થીએ મેળવવાની રહેશે. આ (AEC) કોર્ષિસનાં વિષયો 1-2-3-4 અને 6 સેમેસ્ટરમાં જ રહેશે.જ્યારે પાંચમાં સેમેસ્ટરમાં આ અભ્યાસક્રમનું પેપર રહેશે નહીં. |
| 5 | SKILL ENCHANCEMENT COURSE (SEC) | નવી રાષ્ટ્રિય શિક્ષણ નીતિ-૨૦૨૦ના પરિપત્રમાં જણાવ્યા મુજબ કૌશલ્ય વિકાસ પાઠ્યક્રમ(SEC)માં વિદ્યાર્થીઓને રોજગાર ક્ષમતાને વધારવા માટે વ્યવહારૂ કૌશલ્યો, ઇન્ટર્નશીપ, હેન્ડ્સ ઓન ટ્રેનીંગ, સોફ્ટ સ્કિલ, લાઇફ સ્કિલ વગેરે જેવા માન્ય ઓનલાઇન / ઓફલાઇન કોર્ષ આપવાનો થાય છે, જેમાં અત્રેની યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતા વિવિધ વિષયોમાંથી કોઈ એક વિષય (SEC) તરીકે વિદ્યાર્થીએ પસંદ કરવાનો રહેશે. આ (SEC) વિષયમાં ત્રણ વર્ષનાં સ્નાતક પ્રોગ્રામ માટે 10 ક્રેડિટ વિદ્યાર્થીએ મેળવવાની રહેશે. આ (SEC) કોર્ષિસનાં વિષય 1 થી 5 સેમેસ્ટરમાં જ રહેશે. જ્યારે 6 (છઠ્ઠા) સેમેસ્ટરમાં વિદ્યાર્થી ઇન્ટર્નશીપ કરી શકે છે, જેમાં વિદ્યાર્થીએ 4 ક્રેડિટ મેળવવા માટે ઉનાળુ વેકેશનમાં કે અન્ય ટીચીંગ સિવાયનાં સમયમાં મુક (MOOC) કે અન્ય યુનિવર્સિટીએ કરેલ વ્યવસ્થામાંથી ડિપ્લોમા કે શોર્ટ-ટર્મ કોર્ષમાંથી આ ક્રેડિટ મેળવી લેવાની રહેશે. અથવા તો વિદ્યાર્થીએ 4 ક્રેડિટનો યુનિવર્સિટી જે મુજબ નક્કી કરે તે મુજબ રિસર્ચ પ્રોજેક્ટ જમા કરાવી 4 ક્રેડિટ મેળવવાની રહેશે. |
| 6 | VALUE ADDED COURSE (VAC) | નવી રાષ્ટ્રિય શિક્ષણ નીતિ-૨૦૨૦ના પરિપત્રમાં જણાવ્યા મુજબ મૂલ્યવર્ધક પાઠ્યક્રમ(VAC)માં વિદ્યાર્થીઓને ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય સાથે સમકાલીન ભારતનું જ્ઞાન અને સમજ પ્રાપ્ત કરવા અને તેનું પ્રદર્શન કરવા સક્ષમ બનવાનો છે. કોર્ષમાં પર્યાવરણ, જાહેર સ્વાસ્થ્ય, યોગ, માનવમૂલ્યો, હેલ્થ એન્ડ વેલનેસ, સ્પોર્ટ્સ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ભારતીય જ્ઞાન પ્રણાલી, આર્ટ્સ, ઇન્ટરપર્સનલ સ્કિલ્સ, NSS, NCC વગેરેનો સમાવેશ કરેલ હોય આ બાબતને ધ્યાને લઈ અત્રેની યુનિવર્સિટી દ્વારા આ પ્રકારનાં વિવિધ કોર્ષ VAC માટે તૈયાર કરવામાં આવેલ છે. આ વિવિધ વિષયોમાંથી કોઈ એક વિષય (VAC) તરીકે વિદ્યાર્થીએ પસંદ કરવાનો રહેશે. આ (VAC) વિષયમાં ત્રણ વર્ષનાં સ્નાતક પ્રોગ્રામ માટે 8 ક્રેડિટ વિદ્યાર્થીએ મેળવવાની રહેશે. આ (VAC) કોર્ષિસનાં વિષયો 1 થી 4 સેમેસ્ટરમાં જ રહેશે. જેમાં 1 થી 3 સેમેસ્ટરમાં ભારતીય જ્ઞાન પ્રણાલીને લગતા વિષયો રહેશે જ્યારે 2 અને 4 સેમેસ્ટરમાં VACના વિષયો રહેશે. |

REGISTRAR
Shree Somnath Sanskrit University
Veraval

Director / Co-Ordinator
NEP
Shree Somnath Sanskrit University
VERAVAL

# SHREE SOMNATH SANSKRIT UNIVERSITY-VERAVAL
# 4 YEAR SYLLABUS STRUCTURE (NEP -2020) DRAFT(w.e.f. 2023-24)
## GENERAL- SOP

| Sr. | SOP |
|---|---|
| 1 | કૌશલ્ય વિકાસ પાઠ્યક્રમ(SEC)ના પાઠ્યક્રમમાં સેમેસ્ટર 6માં વિદ્યાર્થીએ 4 (ચાર) ક્રેડિટની ઇન્ટર્નશીપ કરવાની રહેશે. જે વિદ્યાર્થી ઉનાળુ વેકેશનમાં કે અન્ય ટીચીંગ સિવાયનાં સમયમાં કરી શકે છે, જેમાં તેઓ યુનિવર્સિટીએ એમ.ઓ.યુ. કરેલ સંસ્થામાં 60 કલાકની ઇન્ટર્નશીપ પૂર્ણ કરી શકે છે. જેમાં મુખ્ય વિષયને અનુરૂપ સંસ્કૃત સંભાષણ વર્ગ, મંદિર વ્યવસ્થાપન, કથા પ્રવચન જેવા વિષયોમાં પૂર્ણ કરી શકે છે. જે ત્રણ અને ચાર વર્ષનાં ડીગ્રી પ્રોગ્રામનાં પ્રથમ અને બીજા વર્ષમાં એક્ઝીટ થવા માટે ફરજિયાત રહેશે. જો વિદ્યાર્થી આ કરવા માંગતો ન હોય તો યુનિવર્સિટીએ નક્કી કરેલ 4 ક્રેડિટનો રિસર્ચ પ્રોજેક્ટ કરવાનો રહેશે. |
| 2 | કૌશલ્ય વિકાસ પાઠ્યક્રમ(SEC)નાં પાઠ્યક્રમમાં સેમેસ્ટર 6માં વિદ્યાર્થીએ 4 (ચાર) ક્રેડિટની ઇન્ટર્નશીપ કરવાની રહેશે. પરંતુ જો વિદ્યાર્થી ઇન્ટર્નશીપ કરવા માંગતો નથી તો તે વિદ્યાર્થી MOOC કે અન્ય યુનિવર્સિટીએ કરેલ વ્યવસ્થામાંથી ડિપ્લોમા કે શોર્ટ-ટર્મ કોર્ષમાંથી કે દૂરવર્તી શિક્ષણનાં માધ્યમથી આ ક્રેડિટ મેળવી શકે છે. પરંતુ આવા અભ્યાસક્રમો યુનિવર્સિટીનાં મુખ્ય વિષયો સાથે સંબંધ ધરાવતા હોવા જોઈએ. |
| 3 | વિદ્યાર્થીને સંબંધિત અભ્યાસક્રમમાં 132 ક્રેડિટ પ્રાપ્ત કર્યા પછી ત્રણ વર્ષની બેચલર (સ્નાતક) ડીગ્રી આપવામાં આવશે. જ્યારે વિદ્યાર્થી પ્રથમ વર્ષ બીજું સેમેસ્ટર પૂર્ણ કરે તો UG સર્ટિફિકેટ તેમજ બે વર્ષ ચોથું સેમેસ્ટર પૂર્ણ કરે તો UG ડિપ્લોમા પ્રદાન કરવામાં આવશે. ચોથા વર્ષમાં UG પ્રોગ્રામનાં આઠ સેમેસ્ટર પૂર્ણ કર્યા બાદ (176 ક્રેડિટ) વિદ્યાર્થીઓને UG Degree (ઓનર્સ અથવા ઓનર્સ વિથ રિસર્ચ) આપવામાં આવશે. |
| 4 | * સેમેસ્ટર 7 અને 8 (બી.એ.ઓનર્સ)માં રિસર્ચ પ્રોજેક્ટની જગ્યાએ વિદ્યાર્થીઓ માટે સેમેસ્ટર-8માં મુખ્ય વિષયનું એક પેપર વધારાનું રહેશે તેમજ સેમેસ્ટર 7 અને 8માં ગૌણ વિષયનું એક-એક પેપર વધારાનું રહેશે. |
| 5 | ** પ્રોજેક્ટ વર્કના 4 ક્રેડિટ Major Subjectના ટોટલમાં + કરી ઉમેરેલ છે. જે નોંધ લેવી. |
| 6 | વિદ્યાર્થીએ Minor Subject(ગૌણ)માં Major Subject(મુખ્ય) વિષય સિવાયનાં વિષય પસંદ કરવાનાં રહેશે. |
| 7 | 4 ક્રેડિટ માટે ૫૦ માર્કની પરીક્ષા તથા ૫૦ માર્ક ઇન્ટર્નલ આમ કુલ મળી ૧૦૦ ગુણ રાખવાનાં થાય છે. જ્યારે કુલ 2 ક્રેડિટ માટે ૨૫ માર્કની પરીક્ષા અને ૨૫ માર્ક ઇન્ટર્નલ આમ કુલ મળી ૫૦ ગુણ રહેશે. |

REGISTRAR
Shree Somnath Sanskrit University
Veraval

ડા. આ. નર્દિ
13.09.2023
Director / ~~Co-Ordinator~~
NEP
Shree Somnath Sanskrit University
VERAVAL